૨૮-૧૨-૨૦૨૨ પ્રાતઃમોરલી ઓમ્ શાંતિ "બાપદાદા" મધુબન

**"મીઠાં બાળકો - બેહદનાં બાપ પાસે થી તમે ખૂબજ ઊંચુ ભણતર ભણી રહ્યાં છો, બુદ્ધિ માં છે પતિત-પાવન ગોડફાધર નાં આપણે વિદ્યાર્થી છીએ, નવી દુનિયા માટે ભણી રહ્યાં છીએ"**

**પ્રશ્ન :-** રુહાની ગવર્મેન્ટ (સરકાર) થી ઈજાફો (ઈનામ) કયા બાળકોને મળે છે?

**ઉત્તર :-** જે અનેકોને આપ સમાન બનાવવાની મહેનત કરે છે. સર્વિસ (સેવા) નું સબૂત કાઢે (પ્રમાણ આપે) છે એમને રુહાની ગવર્મેન્ટ બહુજ મોટું ઈનામ આપે છે. તે ભવિષ્ય ૨૧ જન્મો માટે ઊંચ પદ નાં અધિકારી બને છે.

ઓમ્ શાંતિ! બાપ કહે છે બાળકોને કે મારા દ્વારા તમે મીઠાં-મીઠાં બાળકો ભણતર ભણી રહ્યાં છો. આ ભણતર છે જ નવી દુનિયાનાં માટે બીજું કોઈ આવું કહી ન શકે કે અમે નવી દુનિયા માટે ભણી રહ્યાં છીએ. જેટલું સારી રીતે ભણશો એટલું પ્રાલબ્ધ ૨૧ જન્મો માટે તમારું જમા થઈ જશે. બેહદનાં બાપ પાસે થી બેહદનું ભણતર ભણી રહ્યાં છો. આ બેહદનું ખુબ ઊંચુ ભણતર છે. બાકી તો બધું પાઈ-પૈસાનું ભણતર છે. તો આ બેહદનાં ભણતર માં જેટલો તમે પુરુષાર્થ કરશો એટલું ઊંચ પદ મેળવશો. તમારી બુદ્ધિમાં સદૈવ આ વાતો રહેવી જોઈએ કે અમે પતિત-પાવન ગોડ ફાધરનાં વિદ્યાર્થી છીએ અને નવી દુનિયા માટે ભણી રહ્યાં છીએ તો તમારે કેટલો સારો પુરુષાર્થ કરવો જોઈએ કે અમે ભણીને પહેલાં બાબુલ ની પાસે જઈશું પછી પોત-પોતાનાં ભણતર અનુસાર જઈને નવી દુનિયામાં પદ મેળવીશું. તે છે લૌકિક ભણતર, આ છે પારલૌકિક ભણતર અર્થાત્ પરલોક માટે નું ભણતર. આ તો જૂનો પતિત લોક છે. તમે જાણો છો કે અમે નર્કવાસી થી સ્વર્ગવાસી બની રહ્યાં છીએ. આ ઘડી-ઘડી યાદ આવવું જોઈએ ત્યારે તમારી બુદ્ધિ માં ખુશી ચઢશે. લગ્ન વગેરે માં જવાથી ઘણાં બાળકો ભૂલી જાય છે. ભણતર ક્યારેય ભૂલવું ન જોઈએ વધારે જ ખુશી રહેવી જોઈએ. અમે ભવિષ્ય ૨૧ જન્મો માટે સ્વર્ગનાં માલિક બનીએ છીએ. જે સારી રીતે અનેકોને આપ સમાન બનાવે છે, તે પછી જરુર ઊંચ પદ મેળવશે. આ રહસ્ય બીજા કોઈની બુદ્ધિમાં બેસી ન શકે. સેવા કરવાની પણ અક્કલ હોય છે. ડિપાર્ટમેન્ટ (વિભાગ) અલગ-અલગ હોય છે. સ્લાઈડ બનાવવા વાળા ને પણ બાબા કહે છે કે સ્લાઈડ એક જ સાઈઝ માં (માપની) હોય જે કોઈ પણ પ્રોજેક્ટર માં ચાલી શકે. પહેલી-પહેલી સ્લાઈડ હોય પરમપિતા પરમાત્મા સાથે તમારો શું સંબંધ છે? તો તેઓ સમજી જાય કે પરમપિતા પરમાત્મા અમારા બાપ છે. એમની પાસે થી વારસો શું મળે છે? પછી બતાવવાનું છે કે ત્રિમૂર્તિ બ્રહ્મા દ્વારા અમને આ સૂર્યવંશી પદ મળે છે. તમે પણ પુરુષાર્થ કરી રહ્યાં છો નવી દુનિયા માટે. હમણાં તમે છો સંગમ પર, પાવન દુનિયા બનાવો છો. તમારી બુદ્ધિમાં હવે સ્મૃતિ આવી ગઈ છે. બરાબર અમે ૫ હજાર વર્ષ પહેલાં દેવી-દેવતા હતાં. પછી રાજ્ય ગુમાવ્યું. બાકી આ રાજાઈ વગેરે લે છે. એ બધી હદની વાતો છે. તમારી છે બેહદ ની લડાઈ, શ્રીમત પર તમે ૫ વિકારો રુપી રાવણ ની સાથે લડો છો. તમે જાણો છો કે ડ્રામા માં હાર-જીત નો પાર્ટ છે. દર ૫ હજાર વર્ષ પછી આ ડ્રામાનું ચક્ર ફરે છે. તો હવે આપ બાળકોએ શ્રીમત પર ચાલવું પડે, જેને જે ડાયરેક્શન (માર્ગદર્શન) મળે. બાળકો કહે છે કે અમે સમજીએ છીએ પરંતુ કોઈને સમજાવી નથી શકતાં. આ તો એવું થયું જેમકે સમજ્યાં નથી. જેટલું પોતે સમજેલું છે એટલું જ પદ મેળવશે. બુદ્ધિમાં સ્વદર્શન ચક્ર ફરતું જ રહે. સ્વદર્શન ચક્રધારી તમે બનો છો. બીજાને જો આપ સમાન નહીં બનાવ્યાં તો સર્વિસેબલ (સેવાધારી) ન થયાં, તેથી પૂરો પુરુષાર્થ કરવો જોઈએ. બીજાઓને પણ

શિખવાડવાનું છે. બ્રાહ્મણીઓએ દરેક ઉપર મહેનત કરવાની છે. ટીચર્સ ખૂબજ મહેનત કરે છે ત્યારે તો ઈનામ મળે છે. તમને તો બહુજ મોટી ગવર્મેન્ટ (સરકાર) થી ઈનામ મળે છે. સર્વિસ નું સબૂત (પ્રમાણ) આપવાનું છે. ભૂલ ન કરવી જોઈએ. અહીં એક ક્લાસ માં દરેક પ્રકારનું ભણતર હોય છે. તમે જાણો છો આપણે ભવિષ્યમાં જઈને દેવી-દેવતા બનીશું. વિનાશ પણ જરુર થવાનો છે. જેવી રીતે કલ્પ પહેલાં સ્વર્ગમાં મકાન વગેરે બનાવ્યાં હતાં તે જ પછી બનાવશે. ડ્રામા મદદ કરે છે. ત્યાં તો મોટાં-મોટાં મહેલ મોટાં-મોટાં તખ્ત બનાવે છે. અહીં થોડી એટલાં મોટાં મહેલ સોના-ચાંદી વગેરેનાં છે. ત્યાં તો હીરા ઝવેરાત પથ્થરો ની જેમ હશે. ભક્તિમાં જ આટલાં હીરા-ઝવેરાત હોય છે તો સતયુગ વગેરે માં શું નહીં હશે. ભલે કરીને સાહૂકાર લોકો અહીં રાધા-કૃષ્ણ અથવા લક્ષ્મી-નારાયણ વગેરે ને શણગારે છે. સોના નાં ઘરેણા વગેરે પહેરાવે છે. બાબાને યાદ છે - એક શેઠ હતાં એમણે કહ્યું લક્ષ્મી-નારાયણ નું મંદિર બનાવું છું, એમનાં માટે નવાં ઘરેણા બનાવવાનાં છે. એ સમયે તો બહુજ સસ્તાઈ હતી. તો સતયુગ માં શું હશે. ભક્તિમાર્ગ માં ખૂબજ માલ હતો, જે બધાં લૂંટીને લઈ ગયાં. હવે આપ બાળકોને બધી ખબર પડી ગઈ છે. આ ભણતર છે ખૂબજ ઊંચુ. નાનાં-નાનાં બાળકોને પણ શિખવાડવું જોઈએ. રાજવિદ્યા ની સાથે આ પણ વિદ્યા આપતાં રહો. શિવબાબા ની યાદ અપાવતા રહો. ચિત્રો પર સમજાવો. બાળકોનું પણ કલ્યાણ કરો. શિવબાબા સ્વર્ગ નાં રચયિતા છે. તમે શિવબાબા ને યાદ કરશો તો સ્વર્ગ નાં માલિક બનશો. અવિનાશી જ્ઞાન નો વિનાશ તો થતો નથી. થોડું પણ સંભળાવવાથી રાજધાનીમાં આવી જશે. સતયુગ માં લક્ષ્મી-નારાયણ નું રાજ્ય હતું. તે પછી ક્યાં ગયું? હું તમને સમજાવું છું એટલે તમને એ સ્વર્ગનાં માલિક બનાવી દઈશ. શિખવાડવાથી શિખી જશો, મહેનત કરવાની છે. ફાલતુ વાતો માં સમય વેસ્ટ (વ્યર્થ) ન કરવો જોઈએ. ભૂલ કરવાથી બહુજ પસ્તાશો. બાપ ધન કમાઈને બાળકોને આપીને જાય છે. હવે તો બધાંનો વિનાશ થવાનો છે. હમણાં પણ કેટલાં લડાઈ-ઝઘડા મોત વગેરે થતાં રહે છે. આ કાંઈ નથી. હવે કરોડોનાં અંદાજ માં વિનાશ થશે, બધાં બળી મરી ખતમ થઈ જવાનાં છે. કબ્રિસ્તાન બનવાનું છે ત્યારે પછી પરિસ્તાન (સ્વર્ગ) બનશે. કબ્રિસ્તાન તો મોટું છે પરિસ્તાન તો નાનું હશે. મુસલમાન પણ કહે છે કે બધું કબ્રદાખિલ છે. ખુદા આવીને બધાંને જગાડે છે અને પાછા લઈ જાય છે. આ સમયે સર્વ આત્માઓ કોઈને કોઈ રુપ માં છે. કબર માં શરીર પડ્યું છે, બાકી આત્મા જઈને બીજું શરીર લે છે. આ સમયે માયાએ બધાંને કબ્રદાખિલ કરીને રાખ્યાં છે. બધાં મરેલા પડ્યાં છે. ખતમ થવાનાં છે એટલે કોઈની સાથે દિલ નથી લગાવવાનું. દિલ લગાવવાનું છે એકની સાથે. અંતમાં તમારું બધાં માંથી મમત્વ નીકળી જશે. એક બાપને યાદ કરવાનાં છે બસ. તમે સમજો છો અમે આ ભણતર ભવિષ્ય ૨૧ જન્મો માટે પતિત-પાવન બાપ દ્વારા ભણી રહ્યાં છીએ. પરમપિતા પરમાત્મા મનુષ્ય સૃષ્ટિનાં બીજ રુપ છે, ચૈતન્ય છે. આત્મા પણ ચૈતન્ય છે. જ્યાં સુધી આત્મા શરીરમાં ન આવે તો શરીર જડ છે. આત્મા જ ચૈતન્ય છે. હવે આત્માને જ્ઞાન મળ્યું છે. દરેક આત્મામાં પોત-પોતાનો પાર્ટ નોંધાયેલો છે. દરેકની એક્ટ પોત-પોતાની (દરેક નાં કર્મ પોત-પોતાનાં) છે. વન્ડરફુલ (અદ્દભુત) ડ્રામા છે, એને કુદરત કહેવાય છે. આટલાં નાનાં આત્મા માં કેટલો પાર્ટ નોંધાયેલો છે. આ રુહાની વાતો જે સુપ્રીમ રુહ (પરમ આત્મા) તમને સમજાવે છે. સૈર (યાત્રા) કરાવે છે, આ પણ ડ્રામા બનેલો છે, જે ડ્રામામાં નોંધ છે, એનો સાક્ષાત્કાર કરાવતાં રહે છે. ભલે ખેલ પહેલાં થી જ અનાદિ બનેલો છે પરંતુ મનુષ્ય નથી જાણતાં કે આ અનાદિ છે. તમે તો બધુંજ જાણો છો. જે કાંઈ થાય છે, એક

સેકન્ડ પછી તે પાસ્ટ (ભૂતકાળ) થઈ જશે. જે પાસ્ટ થઇ જાય છે, તમે સમજો છો આ ડ્રામા માં હતું. બાપે સમજાવ્યું છે - સતયુગ થી લઈને કયો-કયો પાર્ટ થયો છે. આ વાતો દુનિયા નથી જાણતી. બાપ કહે છે મારી બુદ્ધિમાં જે જ્ઞાન છે, તે તમને આપી રહ્યો છું. તમને પણ આપ સમાન બનાવું છું. આ તો જાણો છો આખી દુનિયા ભ્રષ્ટાચારી છે. હવે પહેલાં-પહેલાં પાવન બનવાનું અને બનાવવાનાં છે. તમારા સિવાય કોઈ પવિત્ર બનાવી ન શકે.

હવે બાપની શ્રીમત પર ચાલી દૈવીગુણ ધારણ કરવાનાં છે. બહુજ મીઠું બોલવાનું છે. કોઈ પણ કડવા બોલ ન નીકળે. બધાં પર રહેમ કરવાનો છે. તમે બધાંને શિખવાડી શકો છો-ભગવાનુવાચ મનમનાભવ. એમને આ ખબર નથી કે ભગવાન કોણ છે અને એમણે ક્યારે ગીતા સંભળાવી. તમે હમણાં સમજો છો ભગવાનુવાચ-અશરીરી બનો. દેહનાં બધાં ધર્મ, હું મુસલમાન છું, પારસી છું, આ બધું છોડી દો. આ કોણ કહે છે? આત્માઓ તો બધાં પરસ્પર ભાઈ-ભાઈ છે. એક બાપ નાં બાળકો છે. આત્માઓ પોતાનાં ભાઈઓને સમજાવે છે કે બાપ કહે છે કે મામેકમ્ યાદ કરો તો તમે મુક્તિધામ માં જશો. બધાં નિર્વાણ ધામ જવા વાળા છે. બે અક્ષર પણ યાદ કરી સમજાવવું જોઈએ. ભગવાન બધાનાં એક છે. શ્રીકૃષ્ણ તો હોઈ ન શકે. હવે બાપ કહે છે દેહ નાં બધાં ધર્મ ત્યાગી મામેકમ્ યાદ કરો. આત્મા પ્રકૃતિનો આધાર લઈને અહીં પાર્ટ ભજવે છે. ક્રાઈસ્ટ માટે પણ કહે છે કે હમણાં તે બેગર (કંગાળ) છે. બધાંની જૂની જૂત્તી (શરીર) છે. ક્રાઈસ્ટે પણ જરુર પુનર્જન્મ લીધો હશે. હમણાં તો અંતિમ જન્મ માં હશે. આ મેસેન્જર્સ (સંદેશ વાહકો) ને પણ બાપ જ આવીને જગાડે છે. પતિતો ને પાવન બનાવવા વાળા એક જ બાપ છે. બધાએ પુનર્જનમ લેતાં-લેતાં નીચે આવવાનું જ છે હવે કળિયુગ નો અંત છે. આગળ ચાલીને આ પણ માનશે. અવાજ નીકળશે કે બાપ આવેલાં છે. મહાભારે લડાઈ માં ભગવાન નું નામ છે ને પરંતુ નામ બદલી દીધું છે. વિનાશ અને સ્થાપના આ તો ભગવાન નું જ કામ છે. બાપ જ આવીને સ્વર્ગનાં દ્વાર ખોલશે. તમે બોલાવો છો બાબા આવો, આવીને વૈકુંઠનાં દ્વાર ખોલો. તમારા દ્વારા બાપ આવીને દ્વાર ખોલે છે. તમારું નામ પ્રખ્યાત છે - શિવ શક્તિ સેના. તમને પાંડવ કેમ કહે છે કારણ કે તમે રુહાની પંડા છો, સ્વર્ગ નો રસ્તો બતાવો છો. બાપ બધાં શાસ્ત્રો નો સાર બતાવે છે. આ વાતોને સમજશે એ જ જેમણે કલ્પ પહેલાં સમજી છે. આપણે આત્માઓ પંડા છીએ. બધાંને શાંતિધામ માં લઈ જઈશું પછી સુખધામમાં આવવાનું છે. દુઃખધામ નો વિનાશ થવાનો છે-એનાં માટે આ મહાભારત લડાઈ છે. તમારી બુદ્ધિ માં બધો વિસ્તાર છે. મનમનાભવ, મધ્યાજીભવ એમાં બધું જ્ઞાન આવી જાય છે. જેવી રીતે બાબા નોલેજફુલ (જ્ઞાન સાગર) છે, આપ બાળકો પણ બનો છો. ફક્ત દિવ્ય દૃષ્ટિની ચાવી હું પોતાની પાસે રાખું છું. એનાં બદલે પછી તમને વિશ્વ નાં માલિક બનાવું છું. હું નથી બનતો. આ ફરક રહે છે. દિવ્ય દૃષ્ટિનો પાર્ટ પણ તમારા કામમાં આવે છે. ભાવના નાં ભૂગરા (ચણા) આપી દઉં છું. બાબા એ સમજાવ્યું છે-જગતઅંબા નો કેટલો મેળો લાગે છે. લક્ષ્મીનો એટલો મેળો નથી લાગતો. કેટલો ફરક છે. લક્ષ્મી નાં ચિત્રોને તિજોરી માં રાખે છે કે ધન મળે. ભક્તિમાર્ગ માં મળે છે ચણા જ્ઞાન માં મળે છે હીરા. લક્ષ્મી પાસે થી ફક્ત ધન માંગે છે. એને એવું નહીં કહે કે બાળક આપો, તંદુરસ્તી આપો, જગતઅંબા ની પાસે બધી આશાઓ લઈને જાય છે.

હવે તમે સમજો છો કે અમે પૂજ્ય હતાં, હમણાં પુજારી બન્યાં છીએ પછી પૂજ્ય બનીએ છીએ. જ્ઞાન થી રોશની (સમજ) મળી ગઈ છે બાળકોને. તમે કેટલાં નિરાળા બની ગયાં છો. જ્ઞાન અંજન સદ્ગુરુ દિયા....

તમે ડ્રામા નાં આદિ-મધ્ય-અંત ને જાણી ગયાં છો. બુદ્ધિમાં આવી ગયું છે તો તમને આ ભણતર ની કેટલી કદર રહેવી જોઈએ. તે ભણતર તમે જન્મ-જન્માંતર ભણતા આવ્યાં છો, મળે શું છે? ચણા. આ ભણતર એક જન્મ ભણવાથી તમને હીરા-ઝવેરાત મળે છે. હવે પુરુષાર્થ કરવો એ આપ બાળકોનું કામ છે. નથી ભણતાં તો એમાં શિક્ષક શું કરશે? કૃપાની તો અહીં વાત જ નથી. સંગમ પર દેવતાઓની આખી રાજધાની સ્થાપન થઈ રહી છે. યોગબળ થી તમે પોતાનાં વિકર્મો નો વિનાશ કરો છો અને જ્ઞાન બળ અર્થાત્ જ્ઞાન થી તમે કેટલાં ઊંચ બનો છો. જ્ઞાન સાગર અને જ્ઞાન નદીઓ દ્વારા સ્નાન કરવાથી સદ્ગતિ થાય છે. બાળકોને સમજાવવાની યુક્તિઓ મળતી રહે છે. ડ્રામા પ્લાન અનુસાર જે કલ્પ પહેલાં સમજાવ્યું છે તે જ સમજાવતાં રહે છે. બાળકો પણ નંબરવાર આવતાં રહે છે બ્રાહ્મણ કુળની વૃધ્ધિ થવાની જ છે. આપ બાળકોએ મહાદાની બનવાનું છે. જે કોઈ આવે એમને કાંઈ ને કાંઈ સમજાવતાં રહો. શંખધ્વની કરવાની છે. અહીં જેટલી તમે ધારણા કરી શકો છો એટલી ઘર માં નથી થતી. શાસ્ત્રો માં પણ મધુબન નું ગાયન છે ને ત્યાં મોરલી વાગે છે. અચ્છા!

મીઠાં-મીઠાં સિકિલધા બાળકો પ્રતિ માત-પિતા બાપદાદા નાં યાદ-પ્યાર અને ગુડમોર્નિંગ. રુહાની બાપ નાં રુહાની બાળકોને નમસ્તે.

ધારણા માટે મુખ્ય સારઃ-

૧) ભણતર ની બહુજ કદર રાખવાની છે. બાપ પાસે થી કૃપા વગેરે નથી માંગવાની. જ્ઞાન અને યોગબળ જમા કરવાનું છે.

૨) રહેમદિલ બનવાનું છે. મુખ થી ક્યારેય કડવા બોલ નથી બોલવાનાં. સદા મીઠું બોલવાનું છે. આપ સમાન બનાવવાની સેવા જરુર કરવાની છે.

વરદાન :- વિકારો રુપી સાપો ને ગળાની માળા બનાવી દેવા વાળા સાચ્ચા તપસ્વી ભવ

આ પાંચ વિકાર લોકો નાં માટે ઝેરીલા સાપ છે પરંતુ આપ યોગી તપસ્વી આત્માઓ માટે આ સાપ ગળાની માળા બની જાય છે એટલે આપ બ્રાહ્મણોનાં અને બ્રહ્મા બાપનાં અશરીરી, તપસ્વી શંકર સ્વરુપ ની યાદગાર માં સાપો ની માળા ગળામાં દેખાડે છે. સાપ તમારા માટે ખુશીમાં નાચવાનું સ્ટેજ બની જાય છે, આ અધીનતા ની નિશાની દેખાડી છે. સ્થિતિ જ સ્ટેજ છે. તો જ્યારે વિકારો પર એટલો વિજય થાય ત્યારે કહેશે સાચ્ચા તપસ્વી.

સ્લોગન :- જૂનાં સંસાર તથા સંસ્કારો થી મરવું જ જીતે જી (જીવતા જ) મરવું છે.